सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૨૩ | ૦૯ | ૨૦૨૫ |
| નોંધ્યા તારીખ: | ૨૩ | ૦૯ | ૨૦૨૫ |
| ફેંસલ તારીખ: | ૧૩ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૫ | ૨૦ |

## ખેડા જિલ્લાના મહેરબાન અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં મુ.કપડવંજ.

**ક્રીમીનલ રીવીઝન અરજી નંબર: ૨૭/૨૦૨૫**

**અરજદાર :–** ઈકવીટાસ સ્મોલ ફાઈનાન્સ બેંક લી.
રહે. ૪થે માળ, ફેસ–૨, સ્પેન્સ પ્લાઝા નં. ૭૬૯,
માઉન્ટ રોડ, અન્ના સલાઈ,
ચેન્નાઈ – ૬૦૦૦૦૨ના વતી અધિકૃત પ્રતિનિધી
પ્રીતેશ રમેશચંદ્ર મોદી
ઉ.વ.આ. ૪૮, ધંધો–નોકરી,
રહે. એ–૧૦૬, એપલ રેસીડન્સી,
ખોડીયાર માતાના મંદીરની પાછળ, નિકોલ, અમદાવાદ.

***//વિરૂધ્ધ//***

**સામાવાળા :–**
૧) સ્ટેટ ઓફ ગુજરાત
૨) પોલીસ ઈન્સ્પેકટર કપડવંજ રૂરલ પો. સ્ટે. કપડવંજ
૩) શાહીદ સ/ઓ ઉસ્માન
ઉ.વ. ૩૫,
રહે. ૨૭૧, થાપાકનીયાન કી ધાની, નિબાનેરી,
અલવર, ટપુકારા–રાજસ્થાન ૩૦૧૭૦૭

**બાબત: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૪૩૮ મુજબ રીવીઝન અરજી**

**********************************************************************

અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી એસ. આર. શર્મા
સાવાળા નં. (૧) તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ. આર. પટેલ
સામાવાળા નં. (૨) તથા (૩) તરફે ગેરહાજર

**********************************************************************

**–:: આંક–૦૧ અન્વયે હુકમ ::–**

(૧) હાલની રીવીઝન અરજી અરજદાર ધ્વારા કપડવંજ રૂરલ પોલીસ સ્ટેશને ગુના રજી. નં. ૧૧૨૦૪૦૨૮૨૪૦૨૯૮/૨૦૨૪, પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ), ૬૫(ઈ), ૬૭(એ), ૯૮(૨), ૧૧૬(બી), ૮૧ મુજબના ગુનાના કામે તેઓની માલિકી તથા કબ્જા ભોગવટાની ગાડી કે જેનો રજી. નં. RJ.04.GA.6574 કે જેનો ચેસીસ નં. MC2ESLRC0PB220407 તથા એન્જીન નં. E426CDPA422080ની પરત મેળવવા માટે દાખલ કરવામાં આવેલ છે. અરજદારે આ અંગે સૌ પ્રથમ એડી. ચીફ જયુ. મેજીસ્ટ્રેટ કપડવંજ કોર્ટ સમક્ષ સદર મુદ્દામાલ વાહન પરત મેળવવાની અરજી કરેલી. જે અરજી તા. ૧૦/૦૯/૨૦૨૫ના રોજ વિધ્વાન એડી. ચીફ જયુ. મેજીસ્ટ્રેટ કપડવંજ કોર્ટે નામંજૂર કરેલી. તે હુકમથી નારાજ થઈ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ ૪૩૮ મુજબ અત્રેની કોર્ટ સમક્ષ ફોજદારી રીવીઝન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજી લગત સામાવાળાઓને નોટીસ કરતાં સામાવાળા નં. (૧) તરફે વિ. એ. પી. પી. શ્રી એમ.આર.પટેલ હાજર થયેલ છે તથા સામાવાળા નં. (૨)–(૩) તરફે નોટીસની બજવણી થતાં કોઈ હાજર રહેલ નથી. આંક–૦૩ના લીસ્ટથી ઓથોરીટી લેટર, સદર ગુનાની એફ.આઈ.આર.ની નકલ તથા ચાર્જશીટ, આર.સી. બુકની નકલ, લોન એગ્રીમેન્ટ, લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટની નકલ, ટ્રાયલ કોર્ટે કરેલ હુકમની નકલ તથા ધ ગુજરાત પ્રોહી. (એબેટમેન્ટ) બીલ ૨૦૨૪ ગુજરાત બીલ નં. ૧૧ /૨૦૨૪ના ગેઝેટની નકલ રજુ કરેલ છે.

(૩) અરજદાર તરફે તેમના વિ. વ. શ્રીને સાંભળ્યા તેઓએ તેમની અરજીની હકીકતોને દોહરાવેલ છે અને એવી રજૂઆત કરેલી છે કે, અરજદાર સદર મુદ્દામાલ

વાહનના કાયદેસરના માલીક છે. એડી. ચીફ જયુ. મેજીસ્ટ્રેટ કપડવંજ કોર્ટનો હુકમ ખોટો અને કાયદાની જોગવાઈ વિરૂધ્ધનો હોઈ તથા રેકર્ડ ઉપરની હકીકતોથી વિપરીત હોય રદ થવાને પાત્ર છે. સદર મુદ્દામાલ તેઓએ ફાયનાન્સ કરેલ છે. વધુમાં સદર મુદ્દામાલ વાહન પોલીસ સ્ટેશનમા ખુલ્લામા પડી રહે તો તેનુ એન્જીન, બોડી, ટાયર, કલર, સ્પેરપાર્ટસ વિગેરેને ઘણી જ નુકશાની જાય તેમ છે. સદર મુદ્દામાલની કોન્ફીસીકેશનની કાર્યવાહી કરવામા આવેલ નથી. વધુમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ–૪૩૮ની જોગવાઈઓ ધ્યાને લઈ હાલની રીવીઝન અરજી મંજૂર કરી અરજદારને મુદ્દામાલ વાહન પરત સોંપવા તથા સદર વાહનને વેચાણ કરી લોનની રકમ વસુલ કરવા માટેની પરવાનગી આપવા રજૂઆત કરેલી છે.

અરજદાર તરફે નીચે મુજબના ચુકાદા રજુ કરેલ છે.

૧) જન. ઈન્સ્યો. કાઉન્સીલ વિ. સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ ૨૦૧૦(૬), એસસીસી, પાન નં. ૭૬૮, નામદાર સુપ્રીમ કોર્ટ

૨) સુન્દર અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૨(૦), એઆઈજેઈએલ–એસ.સી. ૩૦૮૫૧, નામદાર સુપ્રીમ કોર્ટ

૩) ખેંગારભાઈ લખાભાઈ દાંભલા વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૨૪(૨), લો–હેરાલ્ડ–એસ.સી. ૯૫૧, નામદાર સુપ્રીમ કોર્ટ

૪) એસકી ઓટોફાઈનાન્સ પ્રા. લી. વિ. સ્ટેટ ઓફ ગુજરાત, સ્પે. ક્રિ. એપ્લી. નં. ૨૫૩૮/૨૦૧૪, તા. ૨૬/૦૩/૨૦૧૫, નામદાર ગુજરાત હાઈકોર્ટ

૫) રણજીતભાઈ ઈશ્વરભાઈ ચુનારા વિ. સ્ટેટ ઓફ ગુજરાત, સ્પે. ક્રિ. એપ્લી. નં. ૭૬૩૧/૨૦૧૯, તા. ૧૨/૦૬/૨૦૨૦, નામદાર ગુજરાત હાઈકોર્ટ

૬) એસકી ફીનક્રો લી. વિ. સ્ટેટ ઓફ ગુજરાત, સ્પે. ક્રિ. એપ્લી. નં. ૮૧૭/૨૦૨૧, તા. ૦૫/૦૪/૨૦૨૧, નામદાર ગુજરાત હાઈકોર્ટ

આ કામે અરજદાર તરફે નામદાર સુપ્રીમ કોર્ટ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓ રજુ કરેલ છે જે વંચાણે લેતા તેમાં નામદાર સુપ્રીમ કોર્ટ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે જે તે કેસની હકીકત અને સંજોગો તથા તેઓને પ્રાપ્ત થયેલ વિશેષ

અધિકારને ધ્યાને લઈ ચુકાદાઓ આપેલ છે. પ્રસ્તુત કેસની હકીકત સદરહુ ચુકાદાઓમા જણાવેલ કેસની હકીકત કરતા આંશીક રીતે ભીન્ન પ્રકારની છે.

(૩) સરકારપક્ષે વિ. એ.પી.પી. શ્રી હાજર થઈ જણાવે છે કે, આરોપી વિરૂધ્ધ કપડવંજ રૂરલ પોલીસ સ્ટેશને ગુના રજી. નં. ૧૧૨૦૪૦૨૮૨૪૦૨૯૮/૨૦૨૪, , પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ), ૬૫(ઈ), ૬૭(એ), ૯૮(૨), ૧૧૬(બી) મુજબના ગુનાના કામે તેઓની માલિકી તથા કબ્જા ભોગવટાની ગાડી કે જેનો રજી. નં. RJ.04.GA.6574 કે જેનો ચેસીસ નં. MC2ESLRC0PB220407 તથા એન્જીન નં. E426CDPA4220 80 મુદ્દામાલ તરીકે કબજે કરેલ છે. ફરીયાદ જોતા એ બાબત નિર્વિવાદ છે કે, સદર વાહનમા વગર પાસ પરમીટનો જુદી જુદી બ્રાન્ડની ૩૫૭૬ બોટલો તથા કવોર્ટરોનો પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ છે. આમ, નવા કાયદાની જોગવાઈ તેમજ ગુજરાત પ્રોહીબિશન એકટની કલમ–૯૮ મુજબ સીઝ કરેલ મુદ્દામાલ આખરી હુકમ ન થાય ત્યાં સુધી છોડવુ નહીં તેવી કાયદાની સ્પષ્ટ જોગવાઈ છે. આથી, નામદાર એડી. ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ કપડવંજ કોર્ટે અરજી લગત જે હુકમ કરેલ છે તે કાયદાની જોગવાઈ મુજબનો છે આથી તેમાં હસ્તક્ષેપ કરવો ન્યાયોચિત જણાતુ ન હોવાનું જણાવી અરજદારની રીવીઝન અરજી રદ કરવા અરજ ગુજારેલ છે.

(૪) બંને પક્ષકારો તરફેની રજુઆત તથા અરજી તથા તે સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા રેકર્ડ ધ્યાને લેવામાં આવ્યા. નામદાર વિધ્વાન એડી. ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ કપડવંજ કોર્ટ ધ્વારા કરવામાં આવેલ હુકમ વંચાણે લેવામાં આવ્યો.

(૫) હાલની રીવીઝન અરજીનો નિર્ણય કરતી વખતે નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું વિધ્વાન એડી. ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ કપડવંજ કોર્ટ ધ્વારા મુદ્દામાલ અરજી નામંજૂર કરતો હુકમ ભુલભરેલો અને કાયદાના પ્રસ્થાપિત સિંધ્ધાતોથી વિરુધ્ધનો છે?

(૨) શું હાલની રીવીઝન કોર્ટે વિધ્વાન એડી. ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ કપડવંજ કોર્ટે પસાર કરેલ સદર હુકમમાં કોઈ હસ્તક્ષેપ કરવાની જરૂરીયાત છે ?

(૩) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે:–

(૧) તથા (૨) નકારમાં

(૩) આખરી હુકમ મુજબ.

**<u>: : કા ર ણો : :</u>**

(૬) નામદાર વિધ્વાન એડી. ચીફ જયુ. મેજીસ્ટ્રેટ કપડવંજ કોર્ટે જે બંને પક્ષકારોની રજૂઆત તથા રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા તથા પોલીસ અભિપ્રાય ધ્યાને લઈ તથા પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ), ૬૫(ઈ),૬૭(એ), ૯૮(૨), ૧૧૬(બી), ૮૧ વંચાણે લેતા અરજદારનુ મુદ્દામાલ વાહન સદર ગુનામા પકડાયેલ હોય તેમજ સદર વાહનમા વગર પાસ પરમીટનો જુદી જુદી બ્રાન્ડની કુલ ૩૫૭૬ બોટલો તથા કવોર્ટરોનો પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ છે. જે ધી પ્રોહીબીશન એકટની કલમ ૯૮(૨)મા કરેલ જોગવાઈ મુજબ જયારે જપ્ત થયેલ દારૂનો જથ્થો નિયમોથી ઠરાવવામા આવે તેનાથી વધુ હોય ત્યારે કોર્ટના આખરી ચુકાદા સુધી તેને બોન્ડ અથવા જામીન પર મુકત કરી શકાય નહી તેવું અવલોકન કરી નામદાર વિધ્વાન એડી. ચીફ જયુ. મેજીસ્ટ્રેટ કપડવંજ કોર્ટે અરજી રદૃ કરેલ છે.

(૭) આમ, બંને પક્ષકારોની રજુઆત, તથા રજુ થયેલ પેપર્સ ધ્યાને લેતા સદર કામની ફરીયાદની હકીકત મુજબ કપડવંજ રૂરલ પોલીસ સ્ટેશન ધ્વારા આરોપી ધ્વારા સદર મુદ્દામાલ વાહનમા દારૂની હેરાફેરી કરતા હોવાનું મળી આવતાં સદર ગાડી મુદ્દામાલ તરીકે કબ્જે કરેલ છે. વધુમાં પ્રોહીબીશન એકટની કલમ – ૬૫(એ), ૬૫(ઈ), ૬૭(એ), ૯૮(૨), ૧૧૬(બી), ૮૧ની ફરીયાદ દાખલ થયેલ ત્યારબાદ અરજદાર ધ્વારા નામદાર ટ્રાયલ કોર્ટમા મુદ્દામાલ વાહન પરત મેળવવા અરજી કરતા તપાસ અધિકારીના વાંધા તેમજ મુદ્દામાલમા દારૂના જથ્થાની હેરાફેરીને ધ્યાને લઈ એડી. ચીફ જયુ. મેજીસ્ટ્રેટ કપડવંજ કોર્ટે અરજદારની મુદ્દામાલ પરત મેળવવાની અરજી નામંજુર રાખતા હાલની રીવીઝન અરજી દાખલ કરવામા આવેલ છે. સદર કામે Gujarat Prohibition (Liquor

Samples and Determination of Quantity Seized Liquor) Rules,2012 ના કાયદાની કલમ–૯૮(૨) તથા સાથે વાંચતા રૂલ–૯ મુજબ જપ્ત કરેલ મુદ્દામાલમાં લીટરની કોન્ટીટી ૨૦ લીટર કરતા વધારે હોય તો જપ્ત કરેલ મુદ્દામાલ આખરી નિર્ણય ન આવે ત્યાં સુધી પરત સોંપવો નહીં તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. સદર ગુનાની ફરીયાદ વંચાણે લેતાં તે કામે સદર વાહનમા વગર પાસ પરમીટનો જુદી જુદી બ્રાન્ડની કુલ ૩૫૭૬ બોટલો તથા કવોર્ટરોનો પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ છે. આમ પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ કુલ જથ્થો ૨૦ લીટર કરતા વધુ થાય છે. તેમજ સદર ગુનો ગુજરાત પ્રોહિબીશન એમેન્ડમેન્ટ એકટ–૨૦૧૬ લાગુ પાડયા બાદનો છે અને સદર મુદ્દામાલની કોન્ટીટી ૨૦ લીટર કરતા વધુ હોઈ જે હકીકત ધ્યાને લેતાં મહેરબાન એડી. ચીફ જયુ. મેજીસ્ટ્રેટ કપડવંજ કોર્ટે સદર કાયદાના રૂલ–૯ તેમજ કલમ–૯૮(૨) મુજબ સીઝ કરેલ મુદ્દામાલની કોન્ટીટીને ધ્યાને લઈ જે હુકમ કરેલ છે તે હુકમમાં રીવીઝનલ પાવર્સનો ઉપયોગ કરી હસ્તક્ષેપ કરવો ન્યાયોચીત જણાતુ ના હોઈ મુદ્દા નં. ૦૧ તથા ૦૨નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૦૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: : હુકમ : :–**

– અરજદારની હાલની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ ૪૩૮ હેઠળ ફોજદારી રીવીઝન અરજી નંબર ૨૭/૨૦૨૫ **નામંજૂર** યાને **રદ** કરવામાં આવે છે.

– આ હુકમની નકલ સંબંધિત અદાલતમાં યોગ્ય તે ઘટતી કાર્યવાહી સારૂ મોકલી આપવી.

હુકમ આજરોજ તા. ૧૩, માહે માર્ચ, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૧૩/૦૩/૨૦૨૬
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
અધિક સત્ર ન્યાયાધીશ,
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)

NMJ